INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૮૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૨૧-૧૦-૨૦૨૪**

**૧૬માં નાણાકીય આયોગના કોંગ્રેસના પ્રતિનિધિ મંડળના સભ્યશ્રીઓ શ્રી જયનારાયણ વ્યાસ, શ્રી શૈલેશ પરમાર, ડૉ.મનીષ દોશી દ્વારા નીચે મુજબ રજૂઆતઓ કરવામાં આવી .**

પ્રતિનિધિ મંડળે કેન્દ્રમાંથી રાજ્યોમાં કર આવકના વિતરણમાં વધારો કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. કેન્દ્ર મુખ્યત્વે આ આયકર, કોર્પોરેટ ટેક્સ અને જીએસટી જેવા મોટા કરો વસૂલે છે, જ્યારે રાજ્યોને શિક્ષણ, આરોગ્ય અને પોલીસીંગ જેવી આવશ્યક સેવાઓ પ્રદાન કરવાની જવાબદારી છે. આને ધ્યાનમાં રાખીને, 16મો નાણાકીય આયોગ રાજ્યના કર વિતરણનો હિસ્સો 41% થી વધારીને 50% કરવા ભલામણ કરે છે. આ પરિવર્તન કેન્દ્રના આવક સ્ત્રોતો અને રાજ્યોની ખર્ચની જવાબદારીઓ વચ્ચેના લાંબા ગાળાના વ્યાપક નાણાકીય અસમાનતાને દૂર કરવાની કવાયત છે. પ્રતિનિધિ મંડળે સરચાર્જ અને સેસ પર ધ્યાન દોર્યું છે.

બંધારણના અનુચ્છેદ 270 મુજબ, સરચાર્જ અને સેસને રાજ્યો સાથે વહેંચી શકાય તેવા કરના વિભાજ્ય પૂલમાંથી બાકાત રાખવામાં આવ્યા છે અને સૂચન કર્યું છે કે તેઓ કેન્દ્ર દ્વારા એકત્રિત કરાતા કુલ કરનો ભાગ હોવા જોઈએ જેથી કરીને તે ડિવોલ્યુશન ફોર્મ્યુલાનો ભાગ બની શકે.

વર્ષ ૨૦૦૯-૧૦થી લઈ વર્ષ ૨૦૨૩-૨૪ સુધી કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતમાંથી ૩૬.૬ લાખ કરોડ રૂપિયાનો સેસ અને સરચાર્જ વસુલાયો. કેન્દ્ર સરકારની સેસ અને સરચાર્જની આવકમાં રાજ્યનો ફાળો વર્ષ ૨૦૧૧-૧૨માં ૧૦.૪ ટકાનો હતો જે વધીને વર્ષ ૨૦૨૧-૨૨માં આશરે ૨૮.૧ ટકાનો થયો છે. વર્ષ ૨૦૧૭-૧૮થી વર્ષ ૨૦૨૨-૨૩માં સરચાર્જ અને સેસની વસૂલાતમાં 133% નો વધારો થયો છે.

પ્રતિનિધિ મંડળે ભલામણ કરી કે સામાન્ય રીતે સરચાર્જ એ કુદરતી આપત્તિ, રોગચાળો અથવા ધરતીકંપ, યુદ્ધ વગેરે જેવી કેટલીક આકસ્મિકતાઓને ભંડોળ પૂરું પાડવા માટે ખૂબ જ અસ્થાયી માપદંડ હોવો જોઈએ, નાણાકીય વર્ષથી આગળ નહીં. આવતા વર્ષે જરૂરી ફંડને ટેક્સ રેટમાં એકીકૃત કરવું જોઈએ જેથી કરીને રાજ્યને ડિવોલ્યુશનનો લાભ મળે અને સમય જતા સામાન્ય કર ફ્રેમવર્કમાં શામેલ થવું જોઈએ.

પ્રતિનિધિ મંડળે મેન્યુફેક્ચરિંગ રાજ્યો પર નાણાકીય ભાર અંગે ધ્યાન દોર્યું, જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આરોગ્ય અને પર્યાવરણીય ઘટાડાના ખર્ચનો સામનો કરે છે, જો કે તેઓ જીએસટી આવકનો સંપૂર્ણ લાભ મેળવતા નથી. માર્કેટિંગ રાજ્યોને વેચાણ પરથી ફાયદો થાય છે, જ્યારે ઉત્પાદિત સામાન અન્ય રાજ્યોમાં જ વેચાઈ જાય છે. ગુજરાતનું ઉદાહરણ આપતા પ્રતિનિધિ મંડળે જણાવ્યું કે તે ભારતના કુલ ઉદ્યોગ ઉત્પાદનના ૧૮.૦૧ % યોગદાન આપે છે, પરંતુ તેને તેના નાણાકીય પ્રયાસોમાં અનુરૂપ લાભો નથી મળતા.

કૃષિ ક્ષેત્ર વિવિધ રીસર્ચ અને કૃષિ લગતી કામગીરી માટે 5 વર્ષમાં ₹5,000 કરોડની રકમ ફાળવણીની ભલામણ કરી. પ્રતિનિધિ મંડળે ખેડૂતો માટે MSP માટે સમર્થન વ્યક્ત કર્યું,. MSP વગરનો ખેડૂતો શહેરી વિસ્તારોમાં કામ માટે સ્થળાંતર કરી શકે છે, જે ખાદ્ય સુરક્ષાને જોખમમાં મૂકી શકે છે. પ્રસ્તાવ મૂકવામાં આવ્યો કે આ મુદ્દાનું સંપૂર્ણ સમીક્ષા કરવી જોઈએ

શહેરીકરણમાં વધારાની સમસ્યાને નિવારવા ૪૦% થી વધુ શહેરીકરણ ધરાવતા રાજ્યો, જેમ કે ગુજરાત, માટે ગ્રામ અને શહેરી વિસ્તારોને જોડનારી શ્રેષ્ઠ પાયાની સવલતો વિકસાવવી જરૂરી છે. ગ્રામ્ય વિસ્તારોના માળખાકીય સુવિધાઓ વધારવા વિશેષ પેકેજ તૈયાર કરવાં જોઈએ જેથી શહેરી કેન્દ્રો તરફ સ્થળાંતર રોકી શકાય

ગુજરાત, ઓડિશા, મહારાષ્ટ્ર, તેલંગાણા, આસામ, છત્તીસગઢ જેવા રાજ્યો કે જેમના નાણાકીય વર્ષ-2023-24માં ઋણ-થી-જીડીપી Debt to GDP(%) ઓછા છે તેઓ તેમના સંસાધનોનો વિવેકપૂર્ણ રીતે ખર્ચ કરી રહ્યા છે અને સમજદારીપૂર્વક ઓછો ખર્ચ કર્યો છે  યોગ્ય પેકેજ દ્વારા પ્રોત્સાહિત થવું જોઈએ.

નાના અને માઈક્રો ઉદ્યોગો માટે વિશેષ સહાય માટે પ્રતિનિધિ મંડળે નાના અને માઈક્રો ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે અલગ ફંડની ભલામણ કરી. અગાઉના માનદંડ પ્રમાણે એસ.એસ.આઈ.ને પ્રોત્સાહન આપી શ્રમ આધારિત ઉદ્યોગો માટે ખાસ કાયદા ઘડવા માંગ કરી છે.

**મુખ્ય ભલામણો:**

- વિભાજન પુલને 41% થી વધારી 50% કરવા.
- રાજ્યોમાં નાણાકીય આયોગના નિયુક્તિનું 5 વર્ષે નિયુક્ત કરવું.
- રાજ્ય અને સ્થાનિક સંસ્થાઓને સીધી ગ્રાન્ટ આપવી.
- આફત રાહત ભંડોળમાં વધારો કરવો અને આપત્તિ-આપદા પછી ૧૫ દિવસમાં ફાળવણી
- પ્રગતિશીલ જિલ્લાઓને માટે ખાસ ગ્રાન્ટ ફાળવવી.
- ઓછા જાહેર દેવું ધરાવતાં રાજ્યોને ખાસ ગ્રાન્ટ આપવી.
- નાના અને માઈક્રો ઉદ્યોગોના પુનર્જીવન માટે વિશેષ પેકેજ.

અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ, ઓ.બી.સી. માટે પ્રતિનિધિ મંડળે રજુઆત કરી હતી કે, જ્યારે આયોજન પંચ અસ્તિત્વમાં હતું ત્યારે આ યોજનાઓની ફાળવણી વસ્તીના આધારે થતી હતી. અમારા મતે તે વધુ સારી રીત હતી. નીતિ આયોગ પછી ફાળવણી વસ્તીને અવગણીને 'યોજના' મુજબ છે જેથી એવું સૂચન કરવામાં આવે છે કે આયોજન પંચ દ્વારા ઉપયોગ કરવામાં આવતી પદ્ધતિને અનુસરવામાં આવે.

પર્યાવરણને થઇ રહેલા નુકસાનથી ઉનાળામાં તાપમાન તમામ રેકોર્ડ તોડી રહ્યું છે. ગત વર્ષે હીટ સ્ટ્રોકના કારણે ૪૦૦૦ જેટલા લોકોના મોત થયા હતા. એર ક્વોલિટી મોનિટરિંગ જેવી જ લાઇન પર રાજ્યોને પણ કુદરતી આપત્તિ તરીકે ધ્યાનમાં લેતા હીટ સ્ટ્રોકનું મૃત્યુ પામેલ લોકોને વળતર મળવું જોઈએ.

ગુજરાત રાજ્યના નાગરિકોના વિશાળ હિતમાં વિવિધ મુદ્દાઓ પર ૧૬માં નાણા આયોગને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રતિનિધિ મંડળએ રજૂઆત કરી હતી

(હિરેન બેંકર)
પ્રવકતા